# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા એકાઉન્ટ x પર સો મિલિયન ફોલોઅર્સનો આંકડો પાર કરીને અનોખી સિધ્ધિ હાંસલ કરી
- ✓ સામાન્ય યુનિ. પ્રવેશ પરીક્ષા CUET-UGના અસરગ્રસ્ત ઉમેદવારો માટે 19 જુલાઈએ ફરી પરીક્ષા લેવાશે..
- ✓ જમ્મુ કાશ્મીરમાં ઘૂષણખોરીનો પ્રયાસ કરનારા ત્રણ ઘૂસણખોરોને સલામતી દળોએ ઠાર કર્યા
- ✓ કેરળમાં અનરાધાર વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ... ત્રણ જીલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર
- ✓ નેપાળમાં આજે કે.પી.શર્મા ઓલી પ્રધાનમંત્રી પદના શપથગ્રહણ કરશે.
- ✓ ફાઇનલમાં જોકોવિચને પરાજય આપી અલ્કારાજે વિમ્બલ્ડનનો સતત બીજી વખત ખિતાબ જીત્યો

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- 100 MILLION FOLLOWERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર 100 મિલિયન ફોલોઅર્સનો આંકડો વટાવીને એક નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ 30 મિલિયન ફોલોઅર્સનો વધારો થયો છે. શ્રી મોદીએ હવે X પર વિશ્વના સૌથી વધુ અનુસરવામાં આવતા નેતા તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. શ્રી મોદી અમેરિકાના પ્રમુખ જો બાઇડન સહિત અન્ય વિશ્વ નેતાઓ કરતા ઘણા આગળ છે 100 મિલિયન ફોલોઅર્સ વટાવ્યા પછી, શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેઓ આ વાઇબ્રન્ટ માધ્યમ પર આવીને ખુશ છે અને તેમના ફોલોઅર્સ દ્વારા ચર્ચા, પ્રતિભાવો અને લોકોના મળેલા આશીર્વાદ, રચનાત્મક ટીકા ટિપ્પણીની વધુની પ્રશંસા કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીઅમિત શાહે માઈક્રો બ્લોગિંગ સાઈટ X પર 100 મિલિયન ફોલોઅર્સનો આંકડો પાર કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે શ્રી મોદીની લોકપ્રિયતા વધી રહી છે જેનું આ પ્રમાણ છે.

# MADHYAPRADESH - RECORD

મધ્યપ્રદેશે ગઇકાલે દેશને બે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરા પાડ્યાં છે. ગઈકાલે રાજ્યના તમામ 55 જિલ્લામાં પ્રાઇમ મિનિસ્ટર કૉલેજ ઑફ એક્સેલન્સની શરૂ કરવામાં આવી હતી. સાથો સાથ ઇન્દોરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં 11 લાખ રોપાઓ વાવીને નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે. આ સાથે જ 7 વર્ષથી સ્વચ્છતા પરત્વે દેશનુ નૈતૃત્વ કરી રહેલા ઈન્દોરે વધુ એક સિધ્ધિ હાંસલ કરી છે.

ઈન્દોરના લોકોએ એક પેડ મા કે નામ અભિયાન હેઠળ એક જ દિવસમાં 11 લાખથી વધુ છોડ વાવીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવને ગિનિસ બુક દ્વારા આ વિશ્વ વિક્રમ અંગેનું પ્રમાણપત્ર પણ એનાયત કરાયું હતું..

આકાશવાણીના ઇન્દોરના સંવાદદાતા સંજીવ શર્માએ જણાવ્યું હતું કે ઈન્દોરમાં કુલ 51 લાખ અને મધ્યપ્રદેશમાં 5.5 કરોડ રોપાઓ વાવવામાં આવી રહ્યા છે. આ અભિયાનની શરૂઆત ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ઈન્દોરમાં બીએસએફની રેવતી રેન્જમાં એક છોડ વાવીને કરી હતી.

# REV. CUET-UG - RETEST

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જાહેરાત કરી છે કે સામાન્ય યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા (CUET)-UG ના અસરગ્રસ્ત ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા લેવાશે. પરીક્ષા 19 જુલાઈના રોજ કોમ્પ્યુટર-આધારિત ટેસ્ટ મોડમાં લેવાશે. અસરગ્રસ્ત તમામ ઉમેદવારોને તેમના વિષય કોડનો ઉલ્લેખ કરીને ઈ-મેલ કરાયા છે.

તમામ અસરગ્રસ્ત ઉમેદવારો માટે એડમિટ કાર્ડ ટૂંક સમયમાં જાહેર કરાશે. NTAએ કહ્યું છે કે વિષય નિષ્ણાતોના પ્રતિસાદના આધારે ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવી રહી છે  જે ઑનલાઇન મળેલા પ્રત્યુત્તરોને ધ્યાનમાં લઈને વેબસાઇટ પર ટૂંક સમયમાં અપલોડ કરાશે. પ્રવેશ પરીક્ષા મે મહિનામાં ભારતની બહારના 26 શહેરો સહિત 379  પરીક્ષા કેન્દ્રો પર લેવાઇ હતી.

# J-K-INFILTRATION-BID.rtf

ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસોને સેનાના જવાનો દ્વારા ગઇકાલે નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સુરક્ષા દળોએ આ ઘૂસણખોરી વિરોધી અભિયાન દરમિયાન ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. ઘટના સ્થળેથી હથિયારો અને અન્ય સૈન્ય સાધનો મળી આવ્યા છે. હાલમાં આ વિસ્તારમાં ઘૂસણખોરી વિરોધી અભિયાન ચાલી રહ્યું છે..

# AMARNATH YATRA

અમરનાથની યાત્રા કરવા 4875 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં માટે રવાના થયો હતો.

યાત્રાળુઓ આજે વહેલી સવારે 162 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. બેચમાં 3 હજારો 464 પુરૂષો, 1 હજાર 333 મહિલાઓ, 14 બાળકો, 57 સાધુઓ અને 7 સાધ્વીઓનો સમાવેશ થાય છે.

# FUR.REV. KERALA - RAIN

સમગ્ર કેરળમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે.. રાજ્યના ઉત્તરીય ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.. આકાશવાણીના તિરુવનંથપુરમના સંવાદદાતા મયુષાના જણાવ્યા અનુસાર મલપ્પુરમ, કન્નુર અને કાસરગોડ જિલ્લાઓમાં આજે રેડ એલર્ટ જાહેર કરાયુ છે. જ્યારે એર્નાકુલમ, થ્રિસુર, પલક્કડ, કોઝિકોડઅને વાયનાડ જિલ્લાઓ ઓરેન્જ એલર્ટ તથા પહાડી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં હાઇ એલર્ટ અપાયું છે

ઘણા સ્થળોએ વાહનવ્યવહાર અને વીજ પુરવઠાની વ્યવસ્થા ખોરવાઇ છે. ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ આજે વરસાદગ્રસ્ત જિલ્લામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે રજા જાહેર કરી છે. પ્રવાસન સ્થળોએ રેડ એલર્ટ જાહેર કરીનેત્યાં પ્રતિબંધો લાદી દેવાયા છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી 5 દિવસ સુધી ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે અતિભારે વરસાદની આગાહી કરી છે. દરિયો તોફાની બન્યો હોવાથી કેરળ, કર્ણાટક લક્ષદ્વીપના દરિયાકાંઠે માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# NEPAL PM

કે પી શર્મા ઓલી આજે નેપાળના પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારંભ ભારતીય સમય અનુસાર સવારે 10:45 વાગ્યે કાઠમંડુમાં રાષ્ટ્રપતિ ભવનના શિતલ નિવાસ ખાતે યોજાશે.

શ્રી ઓલીની સાથે મંત્રીઓને પણ કેબિનેટમાં સામેલ કરવામાં આવશે. નવી ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા માટે ગઈકાલે તેમને ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. 72 વર્ષીય ઓલી પુષ્પ કમલ દહલ પ્રચંડનું સ્થાન લેશે જેમણે શુક્રવારે હાઉસ ઓફ રિ-પ્રેઝન્ટેટિવ્સમાં વિશ્વાસનો મત ગુમાવ્યો હતો. નેપાળના પ્રમુખ રામ ચંદ્ર પૌડેલે શ્રી ઓલીની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ને પાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ (CPN-UML)-નેપાળી કોંગ્રેસ (NC) ગઠબંધનના નવા વડા પ્રધાન તરીકે નિમણૂંક કરી હતી. શુક્રવારે મોડી રાત્રે, શ્રી ઓલીએ નેપાળી કોંગ્રેસના પ્રમુખ શેર બહાદુર દેઉબાના સમર્થન સાથે નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

# WIMBLEDON.rtf

વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધામાં સ્પેનના કાર્લોસ અલ્કારાઝે સર્બિયાના નોવાક જોકોવિચને 6-2, 6-2, 7-6થી હરાવીને પુરુષ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. અલ્કારાઝે પ્રથમ બે સેટ 6-2, 6-2થી આસાનીથી જીતી લીધા હતા જ્યારે જોકોવિચે ત્રીજા સેટમાં સારો પ્રયાસ કરવા છતાં અલ્કારાઝે ત્રીજો સેટ પણ જીતી લીધો હતો.

બીજી તરફ મિક્સ ડબલ્સની ફાઇનલમાં વિશ્વની સાતમી ક્રમાંકિત પૉલેન્ડ અને તાઇવાનની જાન ઝિલિન્સ્કી અને હસિહ સુ-વેઇની જોડીએ ખિતાબ જીતી લીધો છે. આ જોડીએ મેક્સિકન જોડીને સીધા સેટમાં 6-4, 6-2થી પરાજય આપ્યો હતો.

# TRUMP ATTACK

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસબાદ હવે અમેરિકાના પ્રમુખ જો બાઈડને પેન્સિલવેનિયા રેલીમાં સુરક્ષા પગલાંનું સ્વતંત્ર મૂલ્યાંકન શરૂ કર્યું છે વ્હાઇટ હાઉસમાંથી બોલતા બાઇડને કહ્યું કે તેમણે રેલીમાં રાષ્ટ્રીય સુરક્ષા પ્રોટોકોલની સ્વતંત્ર સમીક્ષાની સૂચના આપી છે જેથી ઘટનાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવે. તેમણે કહ્યું કે, આ સ્વતંત્ર સમીક્ષાના તારણો અમેરિકન લોકો માટે પારદર્શક બનાવવામાં આવશે.

ડોનાલ્ડ ટ્રમ્પ પરનો હુમલાને  રાષ્ટ્રીય એકતાનો મુદ્દો ગણાવીને જો બાઇડને કહ્યું હતું કે  અમેરિકામાં હિંસાને કોઇ સ્થાન નથી. શૂટરના હેતુઓ પર અનુમાન ન કરવા પણ અમેરિકન નાગરિકોને વિનંતી કરી હતી. તેમણે ફેડરલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશનને તટસ્થ તપાસ કરવા જણાવ્યું હતું..

# DELHI METRO

દિલ્હી મેટ્રો આજથી 14મી ઓગસ્ટ સુધી 10મો ઓનલાઈન ગ્રાહક સંતોષ હાથ ધરશે. આ સર્વેનો મુખ્ય ઉદ્દેશ્ય મેટ્રો સેવાઓ અને સુવિધાઓના વિવિધ ઘટકો પર યાત્રીઓ પાસેથી પ્રતિસાદ એકત્રિત કરવાનો છે. પ્રશ્નાવલી સાથે વ્યક્તિગત વિષયો પર યાત્રીઓ પાસેથી વિગતવાર પ્રતિસાદ મેળવાશે. સર્વેમાં સુધારા માટે સૂચનો પણ માંગવામાં આવશે.

સર્વેમાં ભાગ લેવા ઈચ્છતા યાત્રીઓ DMRCની અધિકૃત વેબસાઈટ www.delhimetrorail.com પર જઈ તેમના સૂચનો નોંધાવી શકે છે.. સર્વેફોર્મ અંગ્રેજી અને હિન્દી બંનેમાં ઉપલબ્ધ હશે. સર્વેમાં સાત વિષયોનો સમાવેશ થાયછે જેના પર પ્રતિસાદ માંગવામાં આવ્યો છે.